PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૨/ક્વા-૦૨/૨૦૨૩-૨૪/ ૨૯૯૧-૩ તારીખ : ૨૨ - ૦૯ - ૨૦૨૩

રજી. એડી. પત્ર

પ્રતિ,
રુદ્ર એન્ટરપ્રાઈઝ
૧૪- સદગુરુનગર, ગોકુલ હોસ્પિટલ સામે, કુવાડવા રોડ,
મું. પો. : રાજકોટ, તા. : રાજકોટ, જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૦૦૩
મોબાઈલ : ૯૪૦૯૦૧૮૧૫૨

વિષય : L.T. કનેકશનમાં સ્લોનેસ બીલ અંગે.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૦૭-૦૮-૨૦૨૩.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૧૨/ક્વા-૦૨/૨૦૨૩-૨૪ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૧.

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો. જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(3) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, આજી-૨ રાજકોટ શહેર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

e-mail:forum.pgvcl@gebmail.com

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૨/ક્વા-૨/૨૩-૨૪/૨૦૧૧-૩ તા. ૨૨-૦૯-૨૩

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

નોંધણી નંબર -૧૨/ક્વા-૨/૨૩-૨૪ તા.૦૭-૦૮-૨૦૨૩

અરજદાર : રુદ્ર એન્ટરપ્રાઈઝ, ગામ: રાજકોટ

રજૂઆત કરનાર : અરજદારશ્રી રુદ્ર એન્ટરપ્રાઈઝ વતી કલ્પેશ એન. ફલીયા અને તેમની સાથે નવીનભાઈ ફલીયા હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – રાજકોટ શહેર-૧

રજૂઆત કરનાર : શ્રી બી. સી. રાઠોડ, કાર્યપાલક ઈજનેર અને તેમની સાથે શ્રી કે.સી.પારેખ નાયબ અધિક્ષક હિસાબનીશ પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૧

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી એન.સી. મકવાણા

૨) સભ્ય (ટેકનીકલ) - શ્રી આર.સી.પટેલ

૩) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ : ૦૨.૦૯.૨૦૨૩ (શનિવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૦૨.૦૯.૨૦૨૩ (શનિવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર રુદ્ર એન્ટરપ્રાઈઝ આજી-૨ પેટાવિભાગીય કચેરી હેઠળ ગ્રાહક નં.૮૭૨૦૨/૦૨૪૪૩/૮ થી ૫૦ કિ.વો. નુ એલટીએમડી વીજજોડાણ ધરાવે છે.

૨.૧ અરજદારના સદર વીજકનેકશનનું ચેકિંગ તા.૨૫.૦૭.૨૦૨૩ ના રોજ કરાયેલ હતું. અરજદારને જુન-૨૦૧૯ થી જુલાઈ-૨૩ સુધીનુ રૂ.૧૪,૫૪,૪૩૮=૩૭ નું પત્રનં- ૬૪૨૧ તા.૦૩.૦૮.૨૦૨૩ થી સ્લોનેસનું બીલ અપાયેલ છે જે નામદાર GERC ના નિયમ વિરુધ્ધ છે.

૨.૨ અરજદાર રેગ્યુલર વીજબીલ ભરપાઇ કરે છે તેમજ અરજદારનું વીજજોડાણ ઓગસ્ટ-૨૦૧૯ થી રીલીઝ કરાયેલ છે તો સ્લોનેસ કઈ રીતે હોઈ શકે? અરજદાર કનેકશન રીલીઝ થયા ત્યારથી અત્યાર સુધીમાં કોઈ પણ જાતના ચેડા કરેલ નથી, જે છે તેમ યથાવત છે, પીજીવીસીએલ દ્વારા નામદાર GERC ના નિયમ મુજબ દર ૦૬ મહિને કનેકશનનું ચેકિંગ કરેલ નથી તેમજ નામદાર જીઈઆરસીના નિયમ મુજબ સપ્લાયકોડ

નોટીફીકેશન નં. ૦૪ / ૨૦૧૫ ના મુદ્દા નં ૬.૩૩ મુજબ ફોલ્ટી મીટરનું ૦૬ માસથી વધારે બીલ ન આપી શકાય.

૨.૩ અરજદારે વીજજોડાણમાં નામ બદલી તા.૦૨.૦૩.૨૦૨૩ અને લોડ વધારો તા.૧૦.૦૪.૨૦૨૩ ના રોજ કરેલ છે ત્યારે લોડ વધારો રીલીઝ વખતે પણ કોઈપણ જાતનું ચેકિંગ કરેલ નથી, તો આ પીજીવીસીએલની બેદરકારીનો ભોગ બનેલ હોય અરજદારે યોગ્ય નિર્ણય લેવા અને કેસનો નિર્ણય ન આવે ત્યાં સુધી વીજજોડાણ ન કાપવા અને વ્યાજ ન વસુલવાની રજૂઆત અત્રેના ફોરમ સમક્ષ કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકારની લેખિત રજૂઆત તા.૧૮-૦૮-૨૦૨૩ મુજબ અરજદારશ્રી રુદ્ર એન્ટરપ્રાઈઝના નામે ગ્રાહક નંબર ૮૭૨૦૨/૦૨૪૪૩/૮ થી વીજજોડાણ ધરાવે છે. સદર વીજજોડાણમાં ચેકિંગ શીટ નં-RCC-૧૦૯૩૨૬ તા.૨૧/૦૬/૨૦૧૯ તથા પ્રફોર્મા-૧૫ નં-RCC-૯૧૨૮૨૮ તા.૨૧/૦૬/૨૦૧૯ થી સોલાર બાય-ડાયરેકશન મીટર સી. નં. -PGBCT000૨૬૯ થી લગાડવામાં આવેલ તેમજ તેમનુ જુનું મોટર ઉતારવાની કાર્યવાહી તા.૨૧/૦૬/૨૦૧૯ ના રોજ કરવામાં આવેલ.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૩.૧ ઉપરોક્ત સોલાર બાય-ડાયરેકશન મીટર નંબર PGBCT000૨૬૯ ના રીડિંગમાં શંકા જતા તા.૧૩/૦૭/૨૦૨૩ ના રોજ પેટી સહીત બદલાવેલ અને જેનું લેબ પરિક્ષણ તા.૨૫/૦૭/૨૦૨૩ ના રોજ કરવામાં આવેલ. આ લેબ પરિક્ષણ દરમ્યાન સદર મીટર સાથે લગાડેલ 'બી' ફેઇઝની સીટીની પોલારીટી રીવર્સ માલુમ પડેલ અને જે કારણસર સદર મીટરનો ઈમ્પોર્ટ ટેસ્ટ ૩૨.૯૬૩% સ્લો અને એક્સપોર્ટમાં ૩૩% રીડીંગ નોંધાયલ છે.

૩.૨ તા.૨૧/૦૬/૨૦૧૯ ના રોજ ગ્રાહકનું બાય-ડાયરેકશન મીટર લગાડતી વખતે માનવીય ભૂલ થયેલ છે અને મીટરમાં વીજવપરાશના યુનિટની નોંધણી પુરેપરી થયેલ નથી જે કારણસર સદર ગ્રાહકને રકમ રૂ.૧૪,૫૪,૪૩૮/૩૭ નું પુરવણીબીલ આપવામાં આવેલ છે.

૩.૩ મીટરની આંતરિક ખામીના કેસમાં છ (૦૬) માસના સમયગાળાનું પુરવણી બીલ આપી શકાય તેવી જોગવાઈ સપ્લાય કોડમાં છે પરંતુ આ કેસમાં મીટરના વાયરીંગમાં માનવીય ભૂલને કારણે ઓછો વીજવપરાશ નોધાયેલ છે નહિ કે મીટર ફોલ્ટી છે. ગ્રાહકને ટેરીફના સામાન્ય દરે જ બીલ આપવામાં આવેલ છે તેમજ આ કોઈ દંડની રકમ અપાયેલ નથી.

૩.૪ સદર બાબતે લીમીટેશન એક્ટના ચેપ્ટર નં-૧૭.૧ મુજબ મીટરના વાયરીંગની ખામીને કારણે ઓછો વીજવપરાશની રકમની વસુલાત કરી શકાય તેમ પ્રસ્થાપિત થયેલ છે.

૩.૫ ઉપરોક્ત બાબતે જે તે સમયના નાયબ ઈજનેરનો સદર બાબતેનો ખુલાસો વિભાગીય કચેરીના ખાનગી પત્ર ક્રમાંક : આરસીડી-૧/રેવ/૨૩૬ તા.૧૧/૦૮/૨૦૨૩ થી માંગવામાં આવેલ છે.

૩.૬ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા સદર બાબતે ગુજરાત રાજ્યના વિદ્યુત લોકપાલશ્રીના ચુકાદા નં ૦૬/૨૦૦૯ નો ઉલ્લેખ કરેલ છે તે મુજબ સદર પુરવણીબીલ નિયમ મુજબ વસુલવા પાત્ર છે.

## ::હુકમ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ ફરીયાદી અરજદાર રુદ્ર એન્ટરપ્રાઈઝ નાં નામે વીજજોડાણ ગ્રાહક નં. ૮૭૨૦૨/૦૨૪૪૩/૮ થી ૫૦ કિ.વો. નુ એલટીએમડી વીજજોડાણ ધરાવે છે.

૪.૨ સદર વીજજોડાણમાં અરજદારની અરજી અન્વયે તા.૨૧.૦૬.૨૦૧૯ ના રોજ સોલાર બાય-ડાયરેકશન મીટર નં-PGBCT000૨૬૯ લગાડીને જુનું મીટર પેટી સહીત લેબમાં ખરાઈ કરવા ગ્રાહક પ્રતિનિધિની હાજરીમાં ઉતારેલ છે, જેમાં હાલના રીડીંગ ૨૭૨૦૨ KWH હતા, જેની વિગત નીચે મુજબ છે.

| Particulars | Old Meter Dt.21.06.2019 | New Bi-Directional Meter Dt.21.06.2019 |
|---|---|---|
| Make | Genus | L &T |
| Meter No | PG 178642 | PGBCT 000269 |
| Capacity | 100/5A | 100/5A |
| C. Reading | 27202 | 59.4 |
| Remarks | Performa-15 No. RCC 912728 | |

વધુમાં સદર સોલાર રૂફટોપ માટે ગ્રાહક પ્રતિનિધિની હાજરીમાં પીજીવીસીએલ દ્વારા સોલાર જનરેશન મીટર પર્ફોર્મા-૧૫ સીરીયલ નં – RCC 912729, તા.૨૧.૦૬.૨૦૧૯ થી મીટર સીરીયલ નં- PT 286837 હાલના રીડીંગ ૫.૭ થી HPL કંપનીનું ૧૦-૬૦ એમ્પીયરનું મીટર લગાડવામાં આવેલ.

૪.૩ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા તા.૧૩.૦૭.૨૦૨૩ ના રોજ સદર વીજ મીટરના જનરેશન કરતા એક્ષપોર્ટ રીડીંગ વધારે આવતા હોય, સદર વીજમીટરને પેટી સહીત ગ્રાહકના પ્રતિનિધિની હાજરીમાં જુનું મીટર ઉતારી અને નવું બાય-ડાયરેકશનલ મીટર અને સોલાર જનરેશન મીટર લગાડી જુના મીટરને લેબ પરીક્ષણ માટે પેપર પેક કરેલ છે, જેની વિગત નીચે મુજબ છે.

| Particulars | Old Bi Directional Meter Dt.13.07.2023 | New Bi Directional Meter Dt.13.07.2023 | Old Solar Generation Meter | New Solar Generation Meter |
|---|---|---|---|---|
| Make | L & T | HPL | HPL | Vision Tek |
| Meter No | PGBCT 000269 | PGBCT 001604 | PGBCT 286837 | PT 719055 |
| Capacity | 100/5A | 100/5A | 10-60 Amp. | 10-60 Amp. |
| C. Reading | I-279341.9<br>E-139923.9 | I-24<br>E-22 | 98064.7 | 4.9 |
| Performa 15 | 219014 Dt: 13.07.23 | | 219013, 13.07.23 | |
| Remarks | Lab report Dtd:25-07-2023 – BCT Found reverse | | Lab report Dtd:25-07-2023 – Meter Found ok | |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

ઉપરોક્ત સદર મીટરને અરજદાર ગ્રાહકના પ્રતિનિધિની હાજરીમાં સામેવાળાની મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં તા.૨૫.૦૭.૨૦૨૩ ના રોજ ચકાસણી કરતા મીટર બરાબર છે, મીટરની સીટી અને પીટીનું વાયરીંગ ટર્મિનલ બ્લોકમાં લાગેલ છે, પરંતુ B-Phase ની સીટીની પોલારીટી રીવર્સ જોડેલ છે, એટલે B-Phase ની સીટીની ડાયરેકશન P-1 ની જગ્યાએ P-2 અને P-2 ની જગ્યાએ P-1 છે, આ સ્થિતિમાં લોડ ટેસ્ટ લેતા -૩૨.૯૬૩% ઈમ્પોર્ટ ટેસ્ટ સ્લો આવેલ છે અને ૩૩% રીડીંગ એક્ષપોર્ટ KWH માં ચડે છે.

૪.૪ ઉપરોક્ત મુદ્દા નં ૪.૩ મુજબની વિગતે પીજીવીસીએલની આજી-૨ પેટાવિભાગીય કચેરી દ્વારા મીટર ટેસ્ટીંગ લેબોરેટરીના રીપોર્ટ તા.૨૫.૦૭.૨૦૨૩ અનુસંધાને સોલાર બાય-ડાયરેકશનલ મીટરમાં સ્લોનેશ મુજબ ગણતરી કરતા પેન્ડીંગ યુનીટની રીકવરીના તફાવતના યુનીટ ૧૭૪૩૯૫ લેખે કુલ રકમ રૂ.૧૪૫૪૪૩૮/૩૭ ભરવા પાત્ર થાય છે, જેની જાણકારી અરજદારને તા.૦૩.૦૮.૨૦૨૩ ના લેખિતપત્રથી કરેલ જેની બજવણી અરજદારને રૂબરૂમાં તા.૦૫.૦૮.૨૦૨૩ થી કરાયેલ છે. સદર રકમ દિવસ-૦૭ માં ભરપાઈ કરવા જણાવેલ અન્યથા નિયમાધીન કાર્યવાહી કરવા જણાવેલ છે, જે અનુસંધાને અરજદારે સદર પુરવણીબીલ અન્યાયી લાગતા અત્રેના ફોરમ સમક્ષ તા.૦૭.૦૮.૨૦૨૩ થી રજૂઆત કરેલ છે.

૪.૫ સદર અરજદારના ગ્રાહક નં ૮૭૨૦૨/૦૨૪૪૩/૮ ના બિલીંગ પી.આર.ટી.-૧૪૫ મુજબ સોલાર બાય-ડાયરેકશનલ લગાડ્યા બાદ થયેલ વીજ વપરાશની વિગત નીચે મુજબ છે.

| Billed Month | INITIAL IMP RDG | LAST IMP RDG | DIFF IMP | INITIAL EXP RDG | LAST EXP RDG | DIFF EXP | BILL DATE | Net Cons. | Generation Meter Reading | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | PAST | PRESENT | DIFF |
| 1 | 2 | 3 | 4=3-2 | 5 | 6 | 7=6-5 | 8 | 9=4-7 | 10 | 11 | 12= 11-10 |
| JUN,19 | | | 0 | | | 0 | 17-05-19 | 0 | | | |
| JUL,19 | 1 | 60 | 59 | 2 | 20 | 18 | 22-06-19 | 41 | 4 | 30 | 26 |
| AUG,19 | 60 | 3504 | 3444 | 20 | 1207 | 1187 | 16-07-19 | 2257 | 30 | 1828 | 1798 |
| SEP,19 | 3504 | 7573 | 4069 | 1207 | 2988 | 1781 | 20-08-19 | 2288 | 1828 | 3576 | 1748 |
| OCT,19 | 7573 | 10344 | 2771 | 2988 | 4304 | 1316 | 19-09-19 | 1455 | 3576 | 5276 | 1700 |
| NOV,19 | 10344 | 12505 | 2161 | 4304 | 5404 | 1100 | 15-10-19 | 1061 | 5276 | 6904 | 1628 |
| DEC,19 | 12505 | 15465 | 2960 | 5404 | 6713 | 1309 | 14-11-19 | 1651 | 6904 | 8701 | 1797 |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| JAN,20 | 15465 | 18081 | 2616 | 6713 | 8001 | **1288** | 13-12-19 | 1328 | 8701 | 10329 | **1628** |
| FEB,20 | 18081 | 19503 | 1422 | 8001 | 9330 | **1329** | 14-01-20 | 93 | 10329 | 12070 | **1741** |
| MAR,20 | 19503 | 20785 | 1282 | 9330 | 10906 | **1576** | 14-02-20 | -294 | 12070 | 14131 | **2061** |
| APR,20 | 20785 | 23335 | 2550 | 10906 | 12110 | **1204** | 12-03-20 | 1346 | 14131 | 16195 | **2064** |
| APR,MAY, 20 BIL JUN,20 | 23335 | 27044 | 3709 | 12110 | 15865 | **3755** | 23-05-20 | -46 | 16195 | 22836 | **6641** |
| JUL,20 | 27044 | 30629 | 3585 | 15865 | 17586 | **1721** | 11-07-20 | 1864 | 22836 | 26380 | **3544** |
| AUG,20 | 30629 | 33774 | 3145 | 17586 | 19010 | **1424** | 14-08-20 | 1721 | 26380 | 28571 | **2191** |
| SEP,20 | 33774 | 37059 | 3285 | 19010 | 20428 | **1418** | 12-09-20 | 1867 | 28571 | 30138 | **1567** |
| OCT,20 | 37059 | 41175 | 4116 | 20428 | 21869 | **1441** | 13-10-20 | 2675 | 30138 | 32313 | **2175** |
| NOV,20 | 41175 | 45013 | 3838 | 21869 | 23345 | **1476** | 09-11-20 | 2362 | 32313 | 34169 | **1856** |
| DEC,20 | 45013 | 47909 | 2896 | 23345 | 24838 | **1493** | 11-12-20 | 1403 | 34169 | 36155 | **1986** |
| JAN,21 | 47909 | 50300 | 2391 | 24838 | 26136 | **1298** | 07-01-21 | 1093 | 36155 | 37629 | **1474** |
| FEB,21 | 50300 | 52567 | 2267 | 26136 | 27339 | **1203** | 03-02-21 | 1064 | 37629 | 39314 | **1685** |
| MAR,21 | 52567 | 54879 | 2312 | 27339 | 28630 | **1291** | 27-02-21 | 1021 | 39314 | 40822 | **1508** |
| APR,21 | 54879 | 58171 | 3292 | 28630 | 29937 | **1307** | 24-03-21 | 1985 | 40822 | 42760 | **1938** |
| MAY,21 | 58171 | 62061 | 3890 | 29937 | 31164 | **1227** | 17-04-21 | 2663 | 42760 | 44714 | **1954** |
| JUN,21 | 62061 | 64511 | 2450 | 31164 | 32927 | **1763** | 17-05-21 | 687 | 44714 | 47061 | **2347** |
| JUL,21 | 64511 | 66799 | 2288 | 32927 | 33914 | **987** | 16-06-21 | 1301 | 47061 | 48012 | **951** |
| AUG,21 | 66799 | 70830 | 4031 | 33914 | 35466 | **1552** | 15-07-21 | 2479 | 48012 | 50043 | **2031** |
| SEP,21 | 70830 | 75689 | 4859 | 35466 | 38016 | **2550** | 16-08-21 | 2309 | 50043 | 51708 | **1665** |
| OCT,21 | 75689 | 82130 | 6441 | 38016 | 41732 | **3716** | 17-09-21 | 2725 | 51708 | 53096 | **1388** |
| NOV,21 | 82130 | 89345 | 7215 | 41732 | 45879 | **4147** | 14-10-21 | 3068 | 53096 | 54728 | **1632** |
| DEC,21 | 89345 | 97333 | 7988 | 45879 | 50101 | **4222** | 15-11-21 | 3766 | 54728 | 56976 | **2248** |
| JAN,22 | 97333 | 105452 | 8119 | 50101 | 54342 | **4241** | 16-12-21 | 3878 | 56976 | 58580 | **1604** |
| FEB,22 | 105452 | 111841 | 6389 | 54342 | 57539 | **3197** | 13-01-22 | 3192 | 58580 | 60136 | **1556** |
| MAR,22 | 111841 | 118185 | 6344 | 57539 | 60953 | **3414** | 11-02-22 | 2930 | 60136 | 61965 | **1829** |
| APR,22 | 118185 | 126105 | 7920 | 60953 | 65365 | **4412** | 15-03-22 | 3508 | 61965 | 64389 | **2424** |
| MAY,22 | 126105 | 133716 | 7611 | 65365 | 69363 | **3998** | 12-04-22 | 3613 | 64389 | 66702 | **2313** |
| JUN,22 | 133716 | 141877 | 8161 | 69363 | 74546 | **5183** | 13-05-22 | 2978 | 66702 | 69320 | **2618** |
| JUL,22 | 141877 | 151118 | 9241 | 74546 | 80368 | **5822** | 13-06-22 | 3419 | 69320 | 72042 | **2722** |
| AUG,22 | 151118 | 159929 | 8811 | 80368 | 85833 | **5465** | 14-07-22 | 3346 | 72042 | 73902 | **1860** |
| SEP,22 | 159929 | 166756 | 6827 | 85833 | 89987 | **4154** | 23-08-22 | 2673 | 73902 | 75282 | **1380** |
| OCT,22 | 166756 | 176627 | 9871 | 89987 | 96803 | **6816** | 19-09-22 | 3055 | 75282 | 77710 | **2428** |
| NOV,22 | 176627 | 185161 | 8534 | 96803 | 102179 | **5376** | 14-10-22 | 3158 | 77710 | 79575 | **1865** |
| DEC,22 | 185161 | 197729 | 12568 | 102179 | 107289 | **5110** | 17-11-22 | 7458 | 79575 | 81533 | **1958** |
| JAN,23 | 197729 | 209117 | 11388 | 107289 | 111601 | **4312** | 16-12-22 | 7076 | 81533 | 83161 | **1628** |
| FEB,23 | 209117 | 217625 | 8508 | 111601 | 114893 | **3292** | 16-01-23 | 5216 | 83161 | 84851 | **1690** |
| MAR,23 | 217625 | 226214 | 8589 | 114893 | 117883 | **2990** | 14-02-23 | 5599 | 84851 | 86850 | **1999** |
| APR,23 | 226214 | 237211 | 10997 | 117883 | 122245 | **4362** | 14-03-23 | 6635 | 86850 | 88922 | **2072** |
| MAY,23 | 237211 | 245769 | 8558 | 122245 | 125609 | **3364** | 12-04-23 | 5194 | 88922 | 91175 | **2253** |
| JUN,23 | 245769 | 260220 | 14451 | 125609 | 131482 | **5873** | 20-05-23 | 8578 | 91175 | 94406 | **3231** |
| JUL,23 | 260220 | 269372 | 9152 | 131482 | 135655 | **4173** | 14-06-23 | 4979 | 94406 | 96359 | **1953** |
| Aug,23 | 22 | 1070 | 1048 | 22 | 25 | **3** | 03-08-23 | 36201 | 96359 | 98064,90 (c) | **1792** |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૪.૬ ફરિયાદી અરજદાર દ્વારા હયાત વીજજોડાણમાં નામ બદલી માટે તા.૦૧.૦૩.૨૦૨૩ ના રોજ નોંધણી કરેલ છે, જેના એસ.આર. નં-૧૫૯૦૧૯૪૨ છે. જે અનુસંધાને અરજદાર રુદ્ર એન્ટરપ્રાઈઝને ભાવપત્રક તા.૦૨.૦૩.૨૦૨૩ થી આપવામાં આવેલ, જે અરજદાર દ્વારા તા.૦૨.૦૩.૨૦૨૩ ના રોજ ભરપાઈ કરેલ છે. ત્યારબાદ અરજદાર રુદ્ર એન્ટરપ્રાઈઝ દ્વારા હયાત વીજજોડાણમાં કરારીત વીજભાર ૩૦ કીવો માંથી ૫૦ કીવો કરવા માટે તા.૦૫.૦૪.૨૦૨૩ ના રોજ નોંધણી એસ.આર. નં-૧૬૦૩૪૩૩૨ થી કરાવેલ જે અનુસંધાને ભાવપત્રક તા.૧૦.૦૪.૨૦૨૩ થી અપાયેલ જે અરજદાર દ્વારા તા.૧૦.૦૪.૨૦૨૩ થી ભરપાઈ કરેલ છે. સદર બાબતે પીજીવીસીએલ દ્વારા મીટર અને કેબલની કેપેસીટી યોગ્ય હોવાથી જે તે વખતે મીટરકે કેબલ બદલવાની જરૂરીયાત ન હોવાથી સીસ્ટમમાં વીજભાર સુધારવાની કાર્યવાહી કરાયેલ છે.

૪.૭ અરજદારની રજુઆત મુજબ નામદાર જીઈઆરસીના સપ્લાયકોડ નોટીફીકેશન નં. ૦૪ / ૨૦૧૫ ના મુદ્દા નં ૬.૩૧ અને ૬.૩૩ નીચે મુજબ નોંધાયેલ છે.

૬.૩૧ "પરવાનેદાર, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (વિતરણ પરવાનેદારની કામગીરીનું ધોરણ), વિનિયમો,૨૦૦૫, તેમાં વખતોવખત કરેલા સુધારા પ્રમાણે નિર્દિષ્ટ સમય-મર્યાદામાં મીટરનું નિરીક્ષણ કરીને તેની સચ્ચાઇ તપાસશે"

૬.૩૩ "પરવાનેદાર, પરીક્ષણની તારીખથી ૦૨(બે) કામકાજના દિવસમાં પહોંચ-પત્ર હેઠળ ગ્રાહકને પરીક્ષણ અહેવાલ રવાના કરવાનો રહેશે. ખામીપૂર્ણ મીટરના કેસમાં, અધિકતમ છ મહિનાની મુદત અથવા છેલ્લા પરીક્ષણની તારીખથી મુદત બેમાંથી જે ઓછું હોય તે પ્રમાણેનો સુધારો પરીક્ષણ અહેવાલોના આધારે પછીના બિલમાં સરભર કરાશે."

૪.૮ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદારને લેબોરેટરી રીપોર્ટ તા.૨૫.૦૭.૨૦૨૩ ના આધારે -૩૨.૯૬૩% સ્લોનેશ મુજબ ગણતરીપત્રક અરજદારને પાઠવેલ છે, જેની વિગત નીચે મુજબ છે.

| Solar Bi-Directional Meter Make L & T Sr. No. PGBCT 000269 | | | | | Solar Generation Meter HPL-PT286837 | |
|---|---|---|---|---|---|---|
| Particular | Import | | Export | | Reading | Date |
| Start | 1 | 21-06-19 | 2 | 21-06-19 | 5.7 | 21-06-19 |
| End | 279342 | 13-07-23 | 139924 | 13-07-23 | 98064.7 | 13-07-23 |
| Diff | **279341** | KWH | **139922** | KWH | **98059** | KWH |

ઉપરોક્ત વિગતો પરથી સ્પષ્ટ થાય છે કે અરજદારના સોલાર જનરેશન મીટરના કુલ ૯૮૦૫૯ યુનીટ ઉત્પાદન થયેલ છે, જ્યારે એક્ષપોર્ટના યુનીટ ૧૩૯૯૨૨ નોંધાયેલ છે, અટલક જનરેશન કરતા એક્ષપોર્ટના યુનીટ વધુ નોંધાયેલ છે, જેનું કારણ બાય ડાયરેકશનલ મીટરમાં લેબોરેટરી રીપોર્ટ મુજબ B-Phase ની સીટીની પોલારીટી P1 અને P2 માં રીવર્સ વાયરીંગ થયેલ હોવાથી એક્સપોર્ટના યુનીટ વધુ અને ઈમ્પોર્ટના રીડીંગ ઓછા નોંધાયેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૪.૯ ઉપરોક્ત બાબતે પીજીવીસીએલ દ્વારા વિદ્યુત લોકપાલશ્રીના ચુકાદા ૦૬/૨૦૦૯ નો ઉલ્લેખ કરેલ છે તેના ચુકાદા મુજબ મીટર ખામી યુક્ત નથી પરંતુ સામેવાળાના અધિકારીની ભૂલને કારણે ખામી યુક્ત વાયરીંગને લીધે સ્લોનેશ મપાયેલ છે, જેથી પુરવણીબીલ આપેલ છે, તે કોઈ દંડ નથી. વધુમાં પીજીવીસીએલની રજૂઆત મુજબ LIMITATION ACT ના ચેપ્ટર નં -૧૭ Fraud and Mistake ના ક્લોઝ નં ૧૭.૧ નીચે મુજબ છે.

"In general, a peron's ignorance of his right to sue does not suspend the running of limitation. However, it has been recognised for a long time that "the right of a party defrauded is not affected by lapse of time......so long as he remains, without any fault of his own, in ignorance of the fraud which has been committed". Acting on this principle, section 17 provides that in the case of certain types of fraud, the period of limitation shall not start running until the fraud has been discovered. This, of course, is only a broad statement of the principle, several matters of detail which are dealt with in the section will be mentioned in due course.

More or less the same principle is applied by the Act where relief from the consequences of a mistake is the very basis of the cause of action, the period of limitation shall not begin to run until the plaintiff or applicant has discovered the mistake...."

૪.૧૦ ઉપરોક્ત મુદ્દા નં ૪.૮ અને ૪.૯ મુજબની વિગતે સદર સોલાર બાય-ડાયરેકશનલ મીટર નંબર પીજીબીસીટી૦૦૦૨૬૯નું લેબ પરીક્ષણ તા.૨૫/૦૭/૨૦૨૩ ના રોજ કરવામાં આવેલ. જેના રીપોર્ટ મુજબ મીટર સાથે લગાડેલ 'બી' ફેઇઝની સીટીની પોલારીટી રીવર્સ માલુમ પડેલ અને જે કારણસર સદર મીટરનો ઈમ્પોર્ટ ટેસ્ટ ૩૨.૯૬૩% સ્લો અને એક્સપોર્ટમાં ૩૩% રીડીંગ વધુ નોંધાય છે.

સદર સ્લોનેશ બાય-ડાયરેકશન મીટર ઇન્સ્ટોલ કરતી વખતે ખોટું વાયરીંગ થયેલ છે જે માનવીય ભૂલ (Bonafied Mistake on Human Error) માત્ર છે, મીટરકે વાયરીંગ ક્ષતિયુક્ત નથી અને મીટરમાં વીજવપરાશના યુનિટની નોંધણી પુરેપરી થયેલ નથી, જેની પૂર્તતા કરવા સદર ગ્રાહકને રકમ રૂ.૧૪,૫૪,૪૩૮.૩૭ નું પુરવણી બીલ અપાયેલ છે, જે નિયમાધીન યોગ્ય જણાય છે. જેથી અરજદાર દ્વારા

કરેલ રજૂઆત મુજબ નામદાર જીઈઆરસીના સપ્લાયકોડ નોટીફીકેશન નં. ૦૪ / ૨૦૧૫ ના મુદ્દા નં ૬.૩૩ લાગુ પાડી શકાય નહિ.

સામાવાળાએ અરજદારનો જે વીજવપરાશ ઓછો નોધાયેલ છે, તેનું નિયમિત દરે જ પુરવણી બીલ આપેલ હોય તે કોઇ દંડ નથી. વધુમાં અરજદારને અપાયેલ સદર સવાલવાળું બીલ ભૂલ ચૂક લેવી દેવી સબંધક અગાઉના સમયગાળાની ભૂલ સુધારણાના ભાગરૂપે સદર પુરવણીબીલ —89th REPORT OF LAW COMMN. OF INDIA ON THE LIMITATION ACT-1963 (Chapter -17 Section-17- i.e. Fraud and Mistake v અંતર્ગતના CLAUSE NO. : 17 (1)" ની બાબતો હેઠળનું છે.

સદર કેસમાં જે તે સમયે યોગ્ય કાર્યવાહી કરાયેલ હોત તો આ તકરાર ઉભી થાત નહિ. આમ, સદર બાબત ગંભીર બાબત હોય, સદર બેદરકારી બદલ - જવાબદાર અધિકારી / કર્મચારીઓ સામે કંપનીના નિયમ મુજબ યોગ્ય કાર્યવાહી કરવી અને તેની જાણકારી ફોરમને કરવી.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

વધુમાં અરજદારને સદર રકમ રૂ.૧૪,૫૪,૪૩૮.૩૭ નિયમાધીન ભરપાઈ કરવાની થાય છે. અરજદારની રજૂઆત મુજબ તેઓને સદર રકમ વધારે લાગતી હોય, સદર બાકી રકમ માટે વ્યાજ વગરના સમાન ૦૪ (ચાર) માસિક હપ્તા ફોરમ દ્વારા સંજોગોને ધ્યાને લઇને કરી આપવામાં આવે છે. આ વ્યાજ વગરના સમાન ૦૪ (ચાર) માસિક હપ્તા અરજદારે તા.૧૦-૧૦-૨૩ તા.૧૦-૧૧-૨૩ તા.૧૧-૧૨-૨૩ અને તા.૧૦-૦૧-૨૪ સુધીમાં ભરપાઈ કરવાના રહેશે, અરજદાર દ્વારા ઉપર મુજબ હપ્તાની રકમ ભરપાઈ કરવામાં ન આવે તો, પીજીવીસીએલ દ્વારા નિયમ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

| (એન.એચ.જોષી) | (આર.સી.પટેલ) | (એન.સી.મકવાણા) |
|---|---|---|
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ-30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: "જીલ્લા સેવા સદન- ૩, ત્રીજો માળ - બ્લોક નં -૧, ગવર્મેન્ટ પ્રેસ રોડ, રાજકોટ – ૩૬૦૦૦૧, ફોન નં – ૦૨૮૧-૨૯૯૪૧૨૫.